અપીલ અરજી નં.૧૬૭/ ૦૮–૦૯ તા. ૧૬–૯–૦૮

અરજદારઃ– શ્રી મીઠાભાઈ ખોડાભાઈ રાવતકા
સામાવાળાઃ– જાહેર માહિતી અધિકારી અને સેન્ટ્રલ ઝોન

**હુકમઃ–**

***વિષય :***–આરટીઆઈ એકટ હેઠળ શ્રી મીઠાભાઈ ખોડાભાઈ રાવતકાની તા.૨૨–૧–૦૮ ની અરજીથી (૧) સને ૨૦૦૬–૦૭ અને ત્યાર બાદ થયેલ આકારણી સબંધી માપવાળી કટબુક નકલ વોર્ડ નં.૧૨બી/૨૭૬૫ (૨) મકાન માલિકા તરફથી આકારણી ફેરફાર બાબતે જે કોઈ રજુઆત કે વાંધા લેવામાં આવેલ હોય તેની સહી સિકકાવાળી નકલ અંગે માહિતી પૂરી પાડવા બાબત.

***સંદર્ભ :***– અરજદાર મજકુરની તા.૧૬–૯–'૦૮ ની અપીલ અરજી નં.૧૬૭/૨૦૦૮–૦૯

શ્રી મીઠાભાઈ ખોડાભાઈ રાવતકાની તા.૨૨–૧–૦૮ ની અરજીથી (૧) સને ૨૦૦૬–૦૭ અને ત્યાર બાદ થયેલ આકારણી સબંધી માપવાળી કટબુક નકલ વોર્ડ નં.૧૨બી/૨૭૬૫ (૨) મકાન માલિકા તરફથી આકારણી ફેરફાર બાબતે જે કોઈ રજુઆત કે વાંધા લેવામાં આવેલ હોય તેની સહી સિકકાવાળી નકલ અંગે માહિતી પૂરી પાડવા બાબતે માંગેલ માહિતી અંગે કોઈ પ્રત્યુત્તર ન મળવાના પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૧૬–૯–૦૮ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નકલ તથા નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૫૭૪ તા.૨૨–૯–૦૮ થી આસી.કમિશ્નર અને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલ ઝોનને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને તેઓ તરફથી પત્ર નં.સે.ઝોન/એઆરડી/આ.નં.૮૨ તા.૧૪–૧૦–૦૮ થી અત્રેના વિભાગને માહિતી મળેલ છે પરંતુ અરજદાર તરફથી કોઈ માહિતી અત્રેના વિભાગને મળેલ નથી.

અરજદારે અપીલ અરજીમાં માહિતી આપવામાં આવેલ નથી એવી રજૂઆત કરેલ છે. જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલ ઝોન તરફથી તા.૧૩–૧૦–૦૮ ના પત્રમાં જણાવ્યા મુજબ અરજદારને નાણા ભરાવવા માટેના 'ગ' ફોર્મ નં .૪૫૨ તા.૧૩–૨–૦૮ થી કુરીયર ધ્વારા જાણ કરવામાં આવેલ. પરંતુ અરજદારે નકલોના નાણા ભરેલ ન હોઈ માંગેલ માહિતી આપવામાં આવેલ નથી એવું જણાવેલ. પરંતુ નમુનો 'ગ' ની નકલ સામેલ કરેલ નથી.

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

" અરજદારની તા.૨૨–૧–૦૮ની અરજીથી માંગ્યા મુજબની માહિતી પૈકી અરજદારને પૂરી પાડવામાં આવેલ નથી.અરજદારને નિયત દસ્તાવેજી ફી ભરી માહિતી લઈ જવા જણાવેલ.

નં. આરટીઆઈ સેલ/
તારીખ : –૧૦ –૦૮.

ડે.***કમિશ્નર(જનરલ),***
***અને એપેલેટ ઓફિસર***
***સુરત મહાનગર પાલિકા***

***પ્રતિ***
(૧) જાહેર માહિતી અધિકારી સેન્ટ્ર ઝોન.......... જાણ તથા અમલ માટે.
(૨) શ્રી મીઠાભાઈ ખોડાભાઈ રાવતકા,